નવગુજરાત સમય, પાના નંબર - ૧૨.
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૬.

કોમનવેલ્થ પૂર્વે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ફ્રિક્વન્સી વધશે, સુરત માટે **24** ટ્રેન ખરીદાશે

# ડ્રાઈવરલેસ મેટ્રો દોડશે: અમદાવાદ માટે 10 સહિત નવી 34 ટ્રેન સેટ્સનો ઓર્ડર

**વડોદરા અને રાજકોટ સહિતના મુખ્ય શહેરોમાં પણ મેટ્રો રેલ સેવાનું વિસ્તરણ કરવા વિચારણા**

**નવગુજરાત સમય** > અમદાવાદ

અમદાવાદના આંગણે કોમનવેલ્થ ગેઈમ્સ ખેલાશે ત્યાં સુધીમાં અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ડ્રાઈવરલેસ (ડ્રાઈવર વગરની) મેટ્રો ટ્રેન દોડતી થાય તેવું આયોજન મેગા દ્વારા કરાયું છે. ગાંધીનગર ગિફ્ટ સિટીથી નવા છ કિ.મી.ના ટ્રેક તેમજ અમદાવાદમાં સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધીના નવા ટ્રેકની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ તમામ રૂટ પર હાલની ટ્રેન ફ્રિક્વન્સી ફેઝ-૨ માટે નવી ૧૦ તેમજ સુરત શહેરમાં શરૂ થનારી સેવા માટે નવી ૨૪ મેટ્રો ટ્રેનના સેટ્સ મળી કુલ ૩૪ નવા ટ્રેન સેટ્સ માટે ઓર્ડર અપાયા છે. આ ટ્રેનો કોલકાતામાં ટીટાગઢની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે બનાવવામાં આવી રહી છે.

ગુજરાતમાં નવી મેટ્રો સિસ્ટમ્સ અત્યાધુનિક ડ્રાઈવરલેસ (ડ્રાઈવર વગરની) ટેક્નોલોજીથી સજ્જ હશે, જે સમયપાલકતા, સલામતી અને ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ ટ્રેનોમાં રિયલ-ટાઈમ મોનીટરિંગ અને ઓટોમેટેડ બ્રેકિંગ સિસ્ટમ્સ, ઓપ્ટિમાઈઝ્ડ સ્પીડ પ્રોફાઈલ્સ અને ઈન્ટેલિજન્ટ ફોલ્ટ ડાયગ્નોસ્ટિક્સ હશે, જે વિશ્વસનીય કામગીરીની ગેરંટી આપે છે. વધુમાં, સીસીટીવી સર્વેલન્સ, ફાયર ડિટેક્શન સિસ્ટમ્સ, ફેઈલ-સેફ ડોર ઓપરેશન્સ અને ઓબ્સ્ટેકલ ડિટેક્શન એટલે કે અવરોધોને શોધવા માટેની પદ્ધતિઓ જેવા મુસાફર-કેન્દ્રીત સુધારા મુસાફરોને સુરક્ષિત અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે.

અમદાવાદ મેટ્રો ફેઝ-2 હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં, 68.2 કિ.મી. મેટ્રો



નેટવર્ક પહેલેથી જ કાર્યરત છે, જેમાં હાલમાં 32 ટ્રેન સેટ્સ સેવામાં છે. તેમાં વધુ 10 ટ્રેન સેટ્સનો ઉમેરો થવાથી ટ્રેનની ફ્રિક્વન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે. આ જ રીતે સુરત ખાતે 40.3 કિ.મી. લાંબા મેટ્રો રેલ નેટવર્કનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. સુરત મેટ્રો માટે 24 ટ્રેન સેટ્સનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

રાજ્યમાં હાલમાં મેટ્રો રેલ નેટવર્ક 108 કિ.મી. સુધી વિસ્તરેલું છે, અને આગામી વર્ષોમાં 190 કિ.મી. સુધી તેનું વિસ્તરણ થવાનો અંદાજ છે. તેમાં 6.04 કિ.મી.ની અગાઉથી આયોજિત એરપોર્ટ લાઈનનો પણ સમાવેશ થાય છે, જે કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે.

એક્સપ્રેસવેથી લઈને હાઈ-સ્પીડ રેલ સુધી, ગુજરાત ભારતના પરિવહન માળખાના વિકાસમાં સતત અગ્રેસર રહ્યું છે. ગુજરાતનો આગામી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, દાહોદ ખાતે ભારતનું પ્રથમ 9000 HP લોકોમોટિવ એન્જિનનું ઉત્પાદન કરતી ફેક્ટરી અને નમો ભારત ટ્રેનો તેના મજબૂત ઉદાહરણો છે. ગુજરાતના મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સમયસર અમલીકરણ, તકનીકી નવીનીકરણ અને ટકાઉ શહેરી વિકાસ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું શાનદાર ઉદાહરણ છે.